વ્યાખ્યા આપી છે. જેથી વાચકને પ્રાચીન ભારતીય સંસ્કૃતિ તેમ જ જુદા જુદા દેશોની પરંપરાનું જ્ઞાન થાય છે. આ ચૂર્ણિમાં ગોલ્લદેશના રીતરિવાજોનું વર્ણન છે. **સૂત્રકૃતાંગલચૂર્ણિ :** આચારાંગચૂર્ણિની જેમ આ ચૂર્ણિ પણ ભારતીય સંસ્કૃતિ વિશે જ્ઞાન આપવામાં મહત્ત્વપૂર્ણ છે. આ ચૂર્ણિમાં ગોલ્લદેશ, તામ્રલિપિ આદિ દેશોનું વર્ણન, ત્યાંની પરંપરા, રીતરિવાજ, માનવ-સંબંધો આદિની ચર્ચા છે. તીર્થસિદ્ધ આદિ વિવિધ વિષયો તેમ જ વૈનયિકવાદ, નાસ્તિકમત, સાંખ્યમત, ઈશ્વરકર્તૃત્વ, નિયતિવાદ આદિ દાર્શનિક વિષયોની પણ આમાં ચર્ચા છે. **નિશીથચૂર્ણિ :** આ ચૂર્ણિ આચાર્ય જિનદાસ મહત્તરની પ્રૌઢ રચના છે. આ ચૂર્ણિની રચના મૂળસૂત્ર, નિર્યુક્તિ અને ભાષ્યની ગાથાઓને આધારે છે. નમસ્કારના પ્રસંગે અરિહંત, સિદ્ધ અને સાધુ પછી અર્થદાતાના રૂપમાં ચૂર્ણિકાર પ્રદ્યુમ્ન ક્ષમાશ્રમણને વિશેષ પ્રણામ કરેલ છે. આ ગ્રંથના ૨૦ ઉદ્દેશક છે. પ્રસંગે અનેક અન્ય વિષયો પણ ચર્ચ્યા છે. જૈન શ્રમણ-આચાર સાથે સંબંધિત વિધિ–નિષેધોની વિસ્તારથી ચર્ચા અને ઉત્સર્ગમાર્ગ અને અપવાદ-માર્ગની પૂરી સૂચના આ કૃતિમાં મળે છે.

આચાર્ય હરિભદ્રસૂરિએ શ્રી જિનદાસગણિની ચૂર્ણિઓના આધારે આવશ્યકનિર્યુક્તિ–ટીકા, નંદીસૂત્ર-ટીકા વગેરે રચ્યાં છે. વળી, પોતે ‘મહાનિશીથસૂત્ર’નો આદર્શ તૈયાર કર્યો તે આચાર્ય જિનદાસગણિને વંચાવ્યો હતો. ‘તીર્થકલ્પ’માં એક એવો ઉલ્લેખ છે કે, શ્રી જિનદાસગણિ મહત્તરે મથુરામાં તપસાધનાપૂર્વક ‘મહાનિશીથસૂત્ર’નો જીર્ણોદ્ધાર કર્યો હતો.

નંદીચૂર્ણિ મુજબ શ્રી જિનદાસ મહત્તરનો સત્તાસમય વિક્રમની આઠમી શતાબ્દી છે.

**સત્યના ઉપાસક, નિષ્પક્ષ આલોચક, પરમતસહિષ્ણુ, વેદાદિ ચૌદ વિદ્યાના પારગામી, શિષ્યસમ્પદાનો વિરહ ત્યાગી સાહિત્યસર્જન દ્વારા જ્ઞાનસમ્પદાને પ્રાપ્ત કરનારા તથા આગમો પછી રચાયેલ સાહિત્યમાં સંખ્યા, ગુણવત્તા અને શૈલીમાં સર્વોપરી અને શિરમોર**

## યાકીની મહત્તરાસૂનુ આચાર્ય હરિભદ્રસૂરિજી મહારાજ

જૈન શ્રમણ પરંપરામાં શ્રી હરિભદ્ર નામે ઘણા આચાર્ય થયા છે. આ હરિભદ્રસૂરિ મહાપ્રભાવક અને મહાન ગ્રંથકાર છે અને ‘યાકીનીમહત્તરાસૂનુ’ નામે પણ પ્રસિદ્ધ છે. તેમનો સંસ્કૃત અને પ્રાકૃત ગ્રંથરાશિ વિપુલ છે. તેમની પ્રકાંડ વિદ્વત્તા, પ્રખર તર્કવાદિતા, અપૂર્વ જ્ઞાનપ્રતિભા, સમભાવી અને નિષ્પક્ષ આલોચના તેમ જ ભાષાપ્રભુતા ભારતીય સાહિત્યના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે આલેખાયા છે. તેઓ નિષ્પક્ષ અને પરમતસહિષ્ણુ વિદ્વાન હતા. તેમણે પ્રતિપક્ષ માટે મહર્ષિ, મહામુનિ જેવા સન્માનસૂચક શબ્દોનો અનેક પ્રસંગે પ્રયોગ કર્યો છે. નીચેના એક શ્લોકથી તેની ઝાંખી થશે.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद्वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥ ( લોકતત્ત્વનિર્ણય )

પ્રભાવકચરિત્ર અને પ્રબંધકોશ મુજબ શ્રી હરિભદ્રસૂરિના દીક્ષાગુરુ જિનભટ્ટ હતા. પુરાતન પ્રબંધસંગ્રહ ગ્રંથમાં તેમના ગુરુનું નામ જિનભદ્ર છે. 'કથાવલી'માં તેમના ગુરુનું નામ જિનદત્ત છે. આચાર્યશ્રી હરિભદ્રસૂરિએ પોતાની કૃતિઓમાં સ્થાને સ્થાને જિનદત્ત નામનો ઉલ્લેખ કર્યો છે. આવશ્યકવૃત્તિમાં તેમણે શ્વેતાંબર પરંપરા, વિદ્યાધરકુલ, દીક્ષાગુરુ જિનદત્તસૂરિ તથા વિદ્યાગુરુ આચાર્ય જિનભદ્રના નામનો તેમ જ સાધ્વીજી યાકિનીમહત્તરાના પોતે ધર્મપુત્ર હોવાનો પણ નિર્દેશ કર્યો છે.

આચાર્યશ્રી હરિભદ્રનો જન્મ ચિત્રકૂટનિવાસી અગ્નિહોત્રી બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેઓ ચિતોડનરેશ જિતારિના રાજપુરોહિત હતા. કથાવલી ગ્રંથ પ્રમાણે પંડિત હરિભદ્ર 'પિવંગુઈ' નામે બ્રહ્મપુરીના નિવાસી હતા. તેમની માતાનું નામ ગંગણ અને પિતાનું નામ શંકર ભટ્ટ હતું. પંડિત હરિભદ્ર વેદશાસ્ત્ર અને દર્શનશાસ્ત્રના પ્રકાંડ વિદ્વાન હતા. ચૌદ બ્રાહ્મણ વિદ્યાના તેઓ પારગામી હતા. રાજપુરોહિત જેવા ઉચ્ચ પદે હોવાથી જનસમુદાયમાં તેમની સારી પ્રતિષ્ઠા હતી. હરિભદ્ર પંડિતોમાં અગ્રેસર હતા. શાસ્ત્રવિશારદ વિદ્વાનો સાથે શાસ્ત્રાર્થ કરવામાં સદા ઉત્સુક અને તત્પર રહેતા હતા. તેમને જ્ઞાનનો ગર્વ હતો. કોઈ પણ શાસ્ત્રપાઠ–ગાથા પોતાને ન સમજાય તેવું બને નહીં અને બને તો તેનો શિષ્ય બની જાઉં—એવી તો તેમણે પ્રતિજ્ઞા લીધી હતી. પોતાને કવિયુગના સર્વજ્ઞ માનતા હતા.

એક વખત રાજપુરોહિત હરિભદ્ર પાલખીમાં બેસી રાજમાર્ગે પસાર થઈ રહ્યા હતા. તેમની સાથે ઘણા લોકો હતા. રાજપુરોહિતના સન્માનમાં 'જય જય' ધ્વનિથી વાતાવરણ ગુંજી રહ્યું હતું. અચાનક એક મોટો હાથી ઉન્મત્ત બની સામે આવતો જોવામાં આવ્યો. જીવ બચાવવા લોકો આમતેમ ભાગવા લાગ્યાં. હરિભદ્ર પણ પાલખીમાંથી કૂદકો મારી પાસેના મંદિરમાં ઘૂસી ગયા. "**हस्तिना ताड्यमानोऽपि न गच्छेज्जैन मन्दिरम् ।**" એ વાત ગૌણ અને પ્રાણરક્ષા મુખ્ય બની ગઈ! મંદિરમાં જિનપ્રતિમાને જોઈ "**वपुरेवतवाचष्टे, स्पष्टं मिष्टान्नभोजनम् ।**" એ વાક્ય કહી તેમણે જિનપ્રતિમાનો ઉપહાસ કર્યો.

આ ઘટના પછી એક વખત રાજપુરોહિત હરિભદ્ર રાજસભામાંથી પાછા ફરતાં જૈન ઉપાશ્રય પાસેથી પસાર થઈ રહ્યા હતા. ઉપાશ્રયમાં સાધ્વીસંઘના પ્રવર્તિની મહત્તરા યાકિની સંગ્રહણી ગાથાનો મધુર સ્વરે પાઠ કરી રહ્યાં હતાં :

"**चक्कीदुगं हरिपणगं, पणगं चक्कीण केसवो चक्की ।**
**केसव चक्की केसव, दुचक्की केसय चक्कीया ॥**"

શ્લોકના સ્વરતરંગો રાજપુરોહિત હરિભદ્રના કાને અથડાયા તેણે તે ગાથા વારંવાર સાંભળી. ધ્યાનપૂર્વક વારંવાર વિચાર કર્યો; પરંતુ અર્થબોધ પામી ન શક્યા. અર્થ જાણવા માટે ઉપાશ્રય તરફ ગયા. ઉપાશ્રયમાં જઈ, દૂર ઊભા રહી, હરિભદ્રે ત્યાં બિરાજેલાં સાધ્વીજીઓને

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

સંબોધી પૂછ્યું : "આ સ્થાને ચકચકાહટ કઈ વાતમાં થઈ રહ્યો છે? અર્થ વગરનું પુનરાવર્તન શા માટે કરી રહ્યા છો?" હરિભદ્રે અતિ વક્ર ભાષામાં આ પ્રશ્ન કર્યો હતોઃ પણ શ્રી યાકિની મહત્તરા ધીરગંભીર, આગમજ્ઞાતા અને વ્યવહારનિપુણ સાધ્વી હતાં. તેમણે સ્વસ્થભાવે ઉત્તર આપ્યો કે, "नूतनं लिप्तं चिगचिगायते । –નવું લેપ કરાયેલ આંગણું ચકચકાટ કરે છે." સાધ્વીશ્રી યાકિની મહત્તરા દ્વારા અપાયેલ તર્કબદ્ધ ઉત્તરને સાંભળી પંડિત હરિભદ્ર પ્રભાવિત થયા. તેમનું અભિમાન ગળવા લાગ્યું. તેમણે નમ્ર બનીને કહ્યું કે, "કૃપા કરી મને આ ગાથાનો અર્થ સમજાવો." સાધ્વીજીએ પણ સરળતાથી કહ્યું કે, "આ ગાથાનો અર્થ સમજવો હોય તો તમે કાલે અમારા ગુરુજી અહીં વિરાજમાન છે, તેમની પાસે જઈ સમજજો. અમારો એવો આચાર છે, તે માટે ગુરુમહારાજ પાસે જજો."

હરિભદ્ર બીજા દિવસે સવારે ત્યાં વિરાજમાન આચાર્ય જિનદત્તસૂરિ પાસે જવા નીકળ્યા. ત્યાં જતાં પ્રથમ તેમણે જિનાલયમાં પ્રવેશ કર્યો. તેઓ આ પહેલાં પણ ઉન્મત્ત હાથીથી જીવ બચાવવા આ જિનાલયમાં આવ્યા હતા. એ વખતે પોતે જિનપ્રતિમાને જોઈ તેનો ઉપહાસ કર્યો હતો. એ વાત અત્યારે સ્મૃતિમાં આવતાં તેમને ગ્લાનિ થઈ. નિર્મળ ભાવ પ્રગટતાં આ વખતે પ્રતિમાને જોતાં જ હરિભદ્ર ભક્તિભાવે બોલ્યા કે,

"वपुरेव तवाचष्टे भगवन्! वीतरागताम् ।
नहि कोटरसंस्थेऽग्नौ तरुर्भवति शाड्वलः ॥"

હે ભગવન્! તમારી આ ભવ્ય આકૃતિ ખરેખર વીતરાગતાને પ્રગટ કરી રહી છે, જેની અંદર અગ્નિ હોય તે વૃક્ષ ક્યારેય લીલું રહેતું નથી."

આચાર્યશ્રી પાસે પહોંચતાં જ હરિભદ્રને અત્યંત પ્રસન્નતા થઈ. તેમને નમન કરી, પોતાના આગમનનું પ્રયોજન જણાવી, આચાર્યશ્રીને चक्किदुगं० ગાથાનો અર્થ સમજાવવા વિનંતિ કરી.

આચાર્ય જિનદત્તસૂરિએ તેમને ગાથાનો અર્થ સુંદર રીતે સમજાવ્યો અને યાકિની મહત્તરાનો ગૌરવયુક્ત શબ્દોમાં પરિચય આપતાં કહ્યું કે, "આગમપ્રવીણા સાધ્વીસમુદાયમાં મુકુટમણિ મહત્તરાપદથી અલંકૃત સાધ્વી યાકિની મારા સંસારીપણે મોટાં બહેન છે." હરિભદ્ર પણ યાકિની મહત્તરા પ્રત્યે કૃતજ્ઞભાવ પ્રગટ કરતાં બોલ્યા કે, "હું શાસ્ત્રવિશારદ હોવા છતાં પણ મૂઢ હતો. પુણ્યના યોગે જ ધર્મમાતા યાકિની દ્વારા મેં બોધ પ્રાપ્ત કર્યો છે" અને પોતાની પ્રતિજ્ઞાની જાણ કરતાં કહ્યું કે, "મારે પ્રતિજ્ઞા છે કે હું જેમની વાત–ગાથા સમજી ન શકું તેમનો શિષ્ય બની જાઉં. તો આપ કૃપા કરી મને શિષ્ય બનાવો." આચાર્ય જિનદત્તસૂરિએ તેમનો નિર્મળ ભાવ જાણી, દીક્ષા પ્રદાન કરી, શિષ્ય બનાવ્યા. મુનિ હરિભદ્ર પૂર્વે વૈદિક દર્શનના પારંગત વિદ્વાન હતા, અને હવે શ્રમણદીક્ષા લીધા પછી થોડા જ સમયમાં જૈનદર્શનના



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

વિશિષ્ટ જ્ઞાતા થયા. તેમની સર્વ પ્રકારની યોગ્યતાને જાણી ગુરુમહારાજે તેમને આચાર્યપદ પ્રદાન કરી, આચાર્ય હરિભદ્રસૂરિ નામે જાહેર કર્યા.

આચાર્ય હરિભદ્રસૂરિને હંસ અને પરમહંસ નામે સંસારીપણે બે ભાણેજ હતા. તેઓએ કુટુંબકલેશથી વ્યથિત બની, વૈરાગ્ય પામી, મામા પ્રત્યેના પ્રેમથી આચાર્યશ્રી હરિભદ્રસૂરિ પાસે આવી દીક્ષા અંગીકાર કરી અને તેમના શિષ્ય બન્યા. તેઓને શ્રી હરિભદ્રસૂરિએ પ્રમાણશાસ્ત્ર ભણાવ્યું. બંને શિષ્યોએ એક વખત બૌદ્ધ પ્રમાણશાસ્ત્ર ભણવાની ઇચ્છા પ્રગટ કરી. હરિભદ્રસૂરિએ કહ્યું કે, "તે અધ્યયન બૌદ્ધ વિદ્યાપીઠમાં જઈને જ કરી શકાય છે." આચાર્ય હરિભદ્રસૂરિ અષ્ટાંગનિમિત્તશાસ્ત્રના જાણકાર હતા. બૌદ્ધ પ્રમાણશાસ્ત્ર ભણવાની વાતમાં તેમને અનિષ્ટ ઘટનાનો આભાસ થયો. તેમણે બંને શિષ્યોને એ કાર્ય માટે નિષેધ કર્યો પરંતુ શિષ્યો રોકાયા નહિ. ગુરુની ના છતાં બંને શ્રમણોએ ત્યાંથી પ્રયાણ કર્યું વેશપરિવર્તન કરીને બૌદ્ધ વિદ્યાપીઠમાં પ્રવેશ કર્યો. તેઓ બૌદ્ધ અધ્યાપકો પાસે બૌદ્ધ પ્રમાણશાસ્ત્ર ભણવા લાગ્યા. તેમાં બૌદ્ધાચાર્ય બૌદ્ધદર્શનના મંડન સામે જૈનદર્શનનું ખંડન કરતા ત્યારે ત્યારે આ બંને ભાઈઓ તેમની યુક્તિઓમાં રહેલાં દૂષણો અને જૈનદર્શનના શુદ્ધ હેતુઓની ટૂંકી નોંધ જુદા જુદા પત્રોમાં કરતા હતા. એક દિવસ એ પત્રો હવામાં ઊડયા અને એક બૌદ્ધ સાધુના હાથમાં આવી પડયા. તેણે એ પત્રો બૌદ્ધાચાર્યને આપ્યા. બૌદ્ધાચાર્ય એ વાંચીને સમજી ગયા કે, વેશપલટો કરીને કોઈ જૈનશ્રમણ અહીં ભણી રહ્યો છે. ગમેતેમ કરીને તેને શોધી કાઢવો જોઈએ. તેમણે એક યુક્તિ રચી. એક જિનપ્રતિમા દરવાજાના પગથિયે ગોઠવી અને વિદ્યાર્થીઓને આદેશ કર્યો કે, "આ પ્રતિમા ઉપર પગ મૂકીને દરેકે આગળ જવું." બૌદ્ધાચાર્ય જાણતા હતા કે કોઈ જૈનશ્રમણ જિનપ્રતિમા પર પગ મૂકશે નહિ. એક પછી એક વિદ્યાર્થી આદેશ મુજબ પ્રતિમા ઉપર પગ મૂકી ચાલ્યા. હંસ અને પરમહંસ માટે ધર્મસંકટ ઊભું થયું. તેઓ બરાબર સમજી ગયા કે, આ યુક્તિ આપણને ઓળખી કાઢવા માટે જ રચાઈ છે. તેઓને હવે ગુરુદેવના નિષેધનું રહસ્ય સમજાયું. તેનું અનિષ્ટ પરિણામ હવે સામે જ ઊભું હતું. પણ થાય શું ? બંનેએ તરત જ નિર્ણય લીધો. એ પ્રમાણે હંસે ખડીથી પ્રતિમા પર જનોઈની રેખા ખેંચી બૌદ્ધ પ્રતિમા બનાવી દીધી ને એક પછી એક તેના પર પગ મૂકીને આગળ વધ્યા. બસ ! આ જોતાં જ બૌદ્ધોએ તેમને ઓળખી લીધા. પણ બંને તરત નાસી છૂટયા. બૌદ્ધોમાં ક્રોધ ધમધમવા લાગ્યો. તેઓ પાછળ પડ્યા અને રસ્તામાં હંસને પકડી પાડી મારી નાખ્યો. પરમહંસ નાસતો નાસતો હરિભદ્રસૂરિ પાસે પહોંચ્યો. સાથે લીધેલાં પુસ્તક-પત્રો ગુરુના હાથમાં સોંપી, બનેલ બનાવની અને માર્ગમાં બૌદ્ધોએ હંસને મારી નાખ્યાની વાત કહી . પણ અતિ પરિશ્રમ અને આઘાત અસહ્ય લાગવાથી તે જ વખતે તેમનો જીવનદીપ બુઝાઈ ગયો.

બંને શિષ્યના અઘટિત કાળધર્મથી આચાર્ય હરિભદ્રસૂરિને ઘણો આઘાત થયો. તેમણે મહારાજા સુરપાલની અધ્યક્ષતામાં બૌદ્ધો સાથે શાસ્ત્રાર્થ કર્યો. આ શાસ્ત્રાર્થનું પરિણામ અત્યંત ભયાવહ હતું. પરાજય પામનાર વર્ગને તપાવેલા તેલના કુંડમાં પડવાની બૌદ્ધોની આકરી શરત

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

સાથે આ શાસ્ત્રાર્થનો આરંભ થયો. શ્રી હરિભદ્રસૂરિ આ શાસ્ત્રાર્થમાં વિજયી થયા. આ સમગ્ર વાત આચાર્ય જિનદત્તસૂરિના જાણવામાં આવી. તેમણે શિષ્યના અઘટિત કાળથી કોપિત અને વ્યથિત આચાર્ય હરિભદ્રસૂરિને શાંત કરવા તરત બે સાધુઓને સમરાદિત્ય વૃત્તાંતના ત્રણ શ્લોક આપી મોકલ્યા. આ શ્લોકોમાં ગુણસેન અને અગ્નિશર્માના કેટલાક ભવોની ઘટના સંકલિત હતી. વૈરના અનુબંધ ભવ-ભવાંતર સુધી ચાલ્યા કરે છે. આચાર્ય જિનદત્તસૂરિ દ્વારા મોકલાયેલા આ શ્લોકો ભણતાં જ હરિભદ્રસૂરિનો ક્રોધ શાંત થઈ ગયો.

આચાર્ય ભદ્રેશ્વરસૂરિ રચિત 'કથાવલી' પ્રમાણે આચાર્ય હરિભદ્રસૂરિને બીજા બે – જિનભદ્ર અને વીરભદ્ર નામે શિષ્યો હતા. ચિત્રકૂટમાં આચાર્ય હરિભદ્રસૂરિના અસાધારણ પ્રભાવથી બૌદ્ધોમાં ઈર્ષા અને વેરભાવ જાગ્યા હતા. એક દિવસ આ બંને શિષ્યોને મારી નંખાયા હતા. આ ઘટના સાંભળી શ્રી હરિભદ્રસૂરિએ તીવ્ર આઘાત અનુભવ્યો. આ અસહ્ય આઘાતથી તેમણે અનશન લેવાનો વિચાર કર્યો. આ વાત જાણી શ્રીસંઘે એકત્રિત થઈ ખૂબ ખૂબ વિનંતિ કરી; અને આપના અસાધારણ પ્રભાવ અને જ્ઞાનબળે અનેક જીવોનું કલ્યાણ અને જૈનશાસનની ઘણી ઘણી પ્રભાવના થાય તેમ હોઈ અનશન ન કરવા આદરપૂર્વક જણાવ્યું. શ્રી હરિભદ્રસૂરિએ સંઘની વિનંતિ સ્વીકારી. તે પછી પોતાને શ્રુત–સર્જન–લેખન તરફ વાળ્યા. શિષ્યસંપદાની વૃદ્ધિને બદલે જ્ઞાનસંપદાની પ્રાપ્તિ અને વૃદ્ધિ માટે તેઓ એક પછી એક એમ અનેક ગ્રંથો રચવા લાગ્યા. તેમણે પોતાના કેટલાક ગ્રંથની સાથે 'ભવવિરહ' શબ્દ જોડયો છે.

એક વાર તેમના શિષ્ય જિનભદ્ર અને વીરભદ્રના કાકા લલ્લિગ ગરીબાઈથી કંટાળીને દીક્ષા લેવા આવ્યા. પરંતુ આચાર્યશ્રીએ ભવિતવ્યતા જાણી, તેને અમુક વ્યાપાર કરવાનો સંકેત કર્યો, જેનાથી લલ્લિગ ધનવાન બન્યો. આ લલ્લિગ શ્રાવકે શ્રી હરિભદ્રસૂરિના ગ્રંથોની નકલો કરાવી ખૂબ ફેલાવો કર્યો. વળી, તેણે ઉપાશ્રયમાં એક એવું રત્ન મુકાવ્યું કે જે દીવાની જેમ પ્રકાશ આપતું હતું, જેના પ્રકાશમાં આચાર્યશ્રી રાતે પણ ગ્રંથ લખી લેતા હતા.

આચાર્યશ્રી હરિભદ્રસૂરિએ ૧૪૪૦ ગ્રંથો બનાવ્યા છે. એવો ઉલ્લેખ પણ મળે છે કે તેમણે પોતાના જીવનના અંતિમ સમયે 'સંસાર-દાવાનલ૦' સ્તુતિના ૩ શ્લોક અને ૪થા શ્લોકનું એક ચરણ બનાવ્યાં છે અને એ રીતે તેમણે ૧૪૪૪ ગ્રંથ રચ્યા છે. તેમના આ ગ્રંથો ધર્મ, દર્શન, ન્યાય, યોગ, ધ્યાન, જીવનચર્યા, વિધિવિધાન, ભૂગોળ, ખગોળ, નવરસ, કાવ્ય, કથા, કળા, ઉપહાસ—એમ દરેક વિષય પર લખાયા છે. એવો કોઈ વિષય નથી કે જે તેમના ગ્રંથમાં ન હોય. દરેક ગ્રંથમાં તેમની જ્ઞાનપ્રભા ચમકે છે. 'સમરાઈચ્ચકહા' એ તેમનો વૈરાગ્યજનક અજોડ ગ્રંથ છે, જે તેમના કથાગ્રંથોમાં મુકુટમણિ જેવો છે.

**મહાનિશીથસૂત્રનો જીર્ણોદ્ધાર :** આચાર્ય દેવર્દ્ધિગણિએ ૮૪ આગમો વગેરેને પુસ્તકારૂઢ કર્યાં ત્યારે 'મહાનિશીથસૂત્ર'ને પણ પુસ્તકારૂઢ કર્યું હતું. પણ પછી ભેજ અને ઊધઈને કારણે તે પુસ્તકને નુકસાન થયું. તેમાંનાં કેટલાંક પાનાં ગંધાઈ ગયાં, ગળી ગયાં અને વેરવિખેર થઈ ગયાં. શ્રી હરિભદ્રસૂરિએ તેનો આગળ–પાછળનો સંબંધ મેળવી, એક નકલ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

તૈયાર કરી અને તે સમયના ઘણા શ્રુતધરોને બતાવી તેઓની સમ્મતિ મેળવી, તે સૂત્રને જ્ઞાનભંડારમાં સ્થાપ્યું. આ રીતે શ્રી હરિભદ્રસૂરિએ 'મહાનિશીથસૂત્ર'નો જીર્ણોદ્ધાર કર્યો.

આચાર્ય હરિભદ્રસૂરિએ પોતાના ગ્રંથોમાં બીજા ઘણા ગ્રંથકારોનાં નામો અને તેમનાં અવતરણો આપ્યાં છે, જે તેમની બહુશ્રુતતાના પરિચાયક છે. તે પૈકીના કેટલાક જૈનાચાર્યો, બૌદ્ધાચાર્યો, યોગાચાર્યો આદિ દાર્શનિકોનાં નામ નીચે પ્રમાણે છે :

જૈનાચાર્યો : શ્રુતકેવલી ભદ્રબાહુસ્વામી, વાચક ઉમાસ્વાતિજી, શ્રી સિદ્ધસેન દિવાકર, આચાર્ય સંઘદાસગણિ આચાર્ય મલ્લવાદીસૂરિ, શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ, શ્રી અજિતયશસૂરિ, શ્રી જિનદાસ મહત્તર, શ્રી સિદ્ધસેનગણિ વગેરે. બૌદ્ધાચાર્યો : આચાર્ય કુક્કુ, દિઙ્નાથ, ધર્મપાલ, ધર્મકીર્તિ, ધર્મોત્તર, ભદન્ત દિન્ન, વસુબંધુ, શાંતિરક્ષિત, શુભગુપ્ત વગેરે. બ્રાહ્મણ આચાર્યો : આચાર્ય અવધૂત આસૂરિ, ઇશ્વરકૃષ્ણ, મીમાંસક કુમારિલભટ્ટ, ભાષ્યકાર પાતંજલિ, યોગાચાર્ય પાતંજલિ, પાણિનિ વૈયાકરણ, ભગવદ્ ગોપેન્દ્ર, ભર્તૃહરિ વૈયાકરણ, મહર્ષિ વ્યાસ, વિંધ્યવાસી, શિવધર્મોત્તર વગેરે. યોગાચાર્યો : ગોપેન્દ્ર, કાલાતીત, પતંજલિ, ભદંત ભાસુર, બન્ધુ ભગવન્તવાદી ઇત્યાદિ ઉપરાંત કથાઓમાં આચાર્ય સંઘદાસગણિનો વસુદેવહિંડી, સુબંધુની વાસવદત્તા અને કવિ હર્ષની પ્રિયદર્શનાને યાદ કર્યા છે.

બીજી બાજુ, તેમના ગ્રંથો જેમને માર્ગદર્શક બન્યા છે તેવા શ્રી ઉદ્યોત્તનસૂરિ, આચાર્ય સિદ્ધર્ષિ, મહાકવિ ધનપાલ, શ્રી જિનેશ્વરસૂરિ, શ્રી વાદિદેવસૂરિ, શ્રી દેવચંદ્રસૂરિ, આચાર્ય મલયગિરિ, શ્રી પ્રદ્યુમ્નસૂરિ, શ્રી સંગમસિંહસૂરિ, આચાર્ય યક્ષદેવ, કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય, મહોપાધ્યાય શ્રી યશોવિજયજી વગેરેએ પોતપોતાના ગ્રંથોમાં શ્રી હરિભદ્રસૂરિને ભાવભીની અંજલિ સમર્પી છે.

**સાહિત્ય** : આચાર્યશ્રી હરિભદ્રસૂરિએ વિપુલ પ્રમાણમાં ઉચ્ચ કોટિના સાહિત્યનું સર્જન કરેલ છે. તેમના ગ્રંથો જૈનશાસનનો અનુપમ વૈભવ છે. આગમિક ક્ષેત્રમાં તેઓ સર્વપ્રથમ ટીકા(વૃત્તિ)કાર હતા. યોગવિષયમાં તેમણે નવી દૃષ્ટિ આપી. જ્ઞાનવર્ધક પ્રકીર્ણ ગ્રંથોની પણ રચના કરી.

ટીકાગ્રંથો : આચાર્યશ્રી હરિભદ્રસૂરિએ આવશ્યક, દશવૈકાલિક, જીવાભિગમ, પ્રજ્ઞાપના, નંદી, અનુયોગદ્વાર વગેરે આગમો પર ટીકાઓ રચી છે. પિંડનિર્યુક્તિની તેમની અપૂર્ણ રચના વીરાચાર્યે પૂર્ણ કરી છે. વિવિધ વિષયોનું વિવેચન કરતી તેમની ટીકાઓ વિશેષ જ્ઞાનવર્ધક સિદ્ધ થઈ છે. આચાર્ય હરિભદ્રસૂરિનાં સાહિત્યસર્જનોનો જેટલો મહિમા કરીએ તેટલો ઓછો છે. તેમ છતાં થોડીએક ઝાંખી પ્રાપ્ત કરી શકાય. આવશ્યક ટીકા : આવશ્યક નિર્યુક્તિની ગાથાઓ ઉપર આ ટીકાની રચના થઈ છે. આમાં સામાયિક આદિ પદો પર ઘણા જ વિસ્તારથી વિવેચન છે. આ ટીકાની પરાસમાપ્તિમાં જિનભટ્ટ, જિનદત્ત, યાકિની મહત્તરા આદિનો ઉલ્લેખ કરી, પોતાને અલ્પમતિ કહી પરિચય આપ્યો છે. આ ટીકા ૨૨૦૦૦ શ્લોકપ્રમાણ છે. દશવૈકાલિક ટીકા : આ ટીકાની રચના દશવૈકાલિક નિર્યુક્તિની ગાથાઓને આધારે થઈ છે. તેનું નામ શિષ્યબોધિની વૃદ્ધિ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

છે. દશવૈકાલિકના કર્તા શ્રી શય્યંભવસૂરિનો વિગતે પરિચય આપ્યો છે. ટીકાના અંતે ટીકાકારે પોતાનો પરિચય યાકિની મહત્તરાના ધર્મપુત્ર તરીકે આપેલ છે. જીવાભિગમ ટીકા : આમાં જૈનાગમ તત્ત્વદર્શનનું વિવેચન છે. પ્રજ્ઞાપના પ્રદેશ વ્યાખ્યા : આ સંક્ષિપ્ત અને સરળ ટીકા છે. જીવ અને અજીવ સંબંધી અનેક સૈદ્ધાન્તિક વિષયો સમજાવવામાં આવ્યા છે. નન્દીવૃત્તિ : નન્દી ટીકા ૨૩૩૬ શ્લોકપ્રમાણ છે. તેમાં કેવલજ્ઞાન–કેવલદર્શન ચર્ચા – નન્દીચૂર્ણિમાં વર્ણવેલા સર્વ વિષયોનું સ્પષ્ટીકરણ તથા અયોગ્યદાન અને ફલ પ્રક્રિયાનું વિવેચન છે. અનુયોગદ્વાર વૃત્તિ : અનુયોગવૃત્તિનું નામ 'શિષ્યહિતા' છે. પ્રમાણ આદિ સમજાવવા માટે અંગુલોનું સ્વરૂપ, પ્રત્યક્ષ, અનુમાન, આગમની વ્યાખ્યા તેમ જ જ્ઞાનનય અને ક્રિયાનયનું વર્ણન પણ આ ટીકામાં સારી રીતે સમજાવેલ છે. આવશ્યક બૃહદ્વૃત્તિ પણ આચાર્યશ્રી હરિભદ્રસૂરિએ રચી હોવાનું માનવામાં આવે છે. તેનું શ્લોક પ્રમાણ ૮૪૦૦૦ હતું. આજે તે ઉપલબ્ધ નથી. લલિતવિસ્તરાવૃત્તિ : 'નમુત્થુણં' સૂત્ર (ચૈત્યવંદન સૂત્રો) ઉપર સંસ્કૃતમાં લલિતપૂર્ણ શૈલીમાં વૃત્તિ રચી છે. આ વૃત્તિના વાચનના પ્રભાવે શ્રી સિદ્ધર્ષિ મહારાજ જૈન ધર્મમાં સ્થિર થયા હતા. તેનો ઉલ્લેખ ગૌરવપૂર્વક કર્યો છે—

**नमोऽस्तु हरिभद्राय तस्मै प्रवर सूरये । मदर्थं निर्मिता येन वृत्तिर्ललितविस्तरा ॥**

તત્ત્વાર્થસૂત્ર લઘુવૃત્તિ, પિંડનિર્યુક્તિવૃત્તિ, ક્ષેત્રસમાસવૃત્તિ, કર્મસ્તવવૃત્તિ, ધ્યાનશતકવૃત્તિ, લઘુ-ક્ષેત્રસમાસ વૃત્તિ, શ્રાવકપ્રજ્ઞપ્તિ ટીકા, સર્વજ્ઞસિદ્ધિ ટીકા, ન્યાયાવતાર વૃત્તિ આદિ ટીકાઓ આચાર્ય હરિભદ્રસૂરિની અનન્ય શક્તિનો બોધ આપે છે. યોગદૃષ્ટિ સમુચ્ચયવૃત્તિ, યોગબિંદુ, યોગવિંશિકા, યોગશતક વગેરે ગ્રંથો રચ્યા છે. યોગની આઠ દૃષ્ટિઓનું પ્રતિપાદન સુંદર રીતે સમજાવ્યું છે. તેમણે ચારેય અનુયોગોની રચના કરી છે. દ્રવ્યાનુયોગમાં ધર્મસંગ્રહણી, ગણિતાનુયોગમાં ક્ષેત્ર-સમાસવૃત્તિ, ચરણાનુયોગમાં ધર્મબિંદુ, ઉપદેશપદ અને ધર્મકથાનુયોગમાં ધૂર્તાખ્યાન રચેલ છે. ધર્મસંગ્રહણીમાં પાંચ પ્રકારના જ્ઞાનનું વર્ણન, સર્વજ્ઞસિદ્ધિનું સમર્થન, ચાર્વાકદર્શનનું યુક્તિ-પૂર્વક ખંડન છે. સાવગધમ્મ અને સાવગધમ્મ સમાસમાં શ્રાવકધર્મની શિક્ષા અને બાર વ્રતોનું વિવેચન છે. અનેકાંત જયપતાકા અને અનેકાંતપ્રવેશ એ ભગવાન શ્રી મહાવીર પરમાત્માની અનેકાંતદૃષ્ટિને સ્પષ્ટ કરનાર ગંભીર રચના છે. ષડ્દર્શન સમુચ્ચયમાં ભારતીય છ દર્શનોનું સુંદર નિરૂપણ છે. કથાકોષ તેમનો શ્રેષ્ઠ ગ્રંથ હતો, તે આજે મળતો નથી. ચમરાઈચ્ચકહા તેમની અત્યંત પ્રસિદ્ધ પ્રાકૃત રચના છે. લોકતત્ત્વનિર્ણય, શ્રાવકપ્રજ્ઞપ્તિ, અષ્ટકપ્રકરણ, પંચાશક, પંચવસ્તુ પ્રકરણ ટીકા આદિ સાહિત્યગ્રંથો રૂપે શ્રી હરિભદ્રસૂરિ પાસેથી પ્રાપ્ત થયું છે.

આગમો પછી જે કંઈ સાહિત્ય રચાયું તેમાં—સંખ્યા અને ગુણવત્તાએ તેમ જ શૈલી અને અનુપ્રેક્ષા એમ સમગ્રતાએ—આચાર્ય હરિભદ્રસૂરિ સર્વોપરી અને શિરમોર છે. તેમનું સર્જન ૧૪૪૪ ગ્રંથ જેટલું વિપુલ હોવાનું મનાય છે. તેમાંથી આજ માત્ર ઓછામાં ઓછા ૫૦ થી ૬૦ ગ્રંથો ઉપલબ્ધ છે.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્યશ્રી હરિભદ્રસૂરિજી તેર દિવસનું અનશન સ્વીકારી વિ. સં. ૭૮૫ લગભગમાં પરમ સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા હતા. અન્ય પ્રમાણોના આધારે શ્રી હરિભદ્રસૂરિનો સમય વિ. સં. ૭૫૭ થી ૮૨૭ સુધી માનવામાં આવે છે.

### કાન્યકુબ્જનરેશ આમરાજા પ્રતિબોધક, વાદિકુંજરકેસરી, ચારિત્રધર્મથી દેદીપ્યમાન

# આચાર્યશ્રી બપ્પભટ્ટિસૂરીશ્વરજી મહારાજ

આચાર્ય બપ્પભટ્ટિસૂરિનું બીજું નામ ભદ્રકીર્તિસૂરિ હતું; પરંતુ તેમની પ્રસિદ્ધિ મુખ્યતયા બપ્પભટ્ટિ તરીકે થઈ છે. શાસ્ત્રાર્થમાં વિજય મેળવવાથી તેમને વાદિકુંજરકેસરીનું બિરુદ પ્રાપ્ત થયું હતું. પોતાના બુદ્ધિબળથી કાન્યકુબ્જનરેશ 'આમ' રાજાને પ્રભાવિત કરી તેમણે જૈનશાસનની મહાન પ્રભાવના કરી હતી. બપ્પભટ્ટિના ગુરુનું નામ સિદ્ધસેન હતું. શ્રી સિદ્ધસેન શ્વેતાંબર પરંપરામાં મોઢેર ગચ્છના આચાર્ય હતા. ઇતિહાસપ્રસિદ્ધ સિદ્ધસેન દિવાકરથી આ જુદા છે. શ્રી ગોવિંદસૂરિ અને શ્રી નન્નસૂરિ તેમના જ્યેષ્ઠ ગુરુબંધુ હતા.

શ્રી બપ્પભટ્ટિ ક્ષત્રિયવંશમાં જન્મ્યા હતા. તેમનો જન્મ વીરનિર્વાણ સં. ૧૨૭૦ (વિ. સં. ૮૦૦)માં ભાદરવા સુદ ત્રીજને દિવસે ગુજરાત પ્રદેશ અંતર્ગત ડુમ્બાઉધિ ગામમાં થયો હતો. (અત્યારે આ ગામનું નામ ડુવા છે. આ ગામ બનાસકાંઠામાં ધાનેરા–થરાદની નજીક આવેલું છે. ડુવામાં અત્યારે પણ પ્રાચીન અમીજરા પાર્શ્વનાથનું દેરાસર છે.) તેમના પિતાનું નામ બપ્પ અને માતાનું નામ ભટ્ટિ હતું અને તેમનું સંસારી નામ સૂરપાલ હતું. સૂરપાલ એક સ્વાભિમાની બાળક હતો. એક દિવસ તે રોષે ભરાઈને ઘેરથી નીકળી ગયો અને છેક મોઢેરા પહોંચી ગયો. આચાર્ય સિદ્ધસેનસૂરિ એ વખતે મોઢેરા નગરમાં વિરાજતા હતા. તેમણે સ્વપ્નમાં ચૈત્ય પર છલાંગ ભરતા સિંહના બચ્ચાને જોયું. તેઓ સવારે મંદિર ગયા, ત્યાં તેમની દૃષ્ટિ એક છ વર્ષના બાળક પર પડી. તે બાળકની આકૃતિ અત્યંત પ્રભાવશાળી લાગી. આચાર્ય સિદ્ધસેનસૂરિએ બાળકને પૂછ્યું, "તું કોણ છે? ક્યાંથી આવે છે?" બાળકે કહ્યું, "મારું નામ સૂરપાલ છે. પાંચાલદેશ્ય બપ્પનો પુત્ર છું. મારી માતાનું નામ ભટ્ટિ છે. મારા મનમાં રાજદ્રોહી શત્રુઓ સાથે યુદ્ધ કરવાની ભાવના જાગી; પરંતુ પિતાએ મને અટકાવ્યો. નિરભિમાની પિતા પાસે રહેવું મને ઉચિત ન લાગ્યું તેથી માતા-પિતાને કહ્યા વિના હું અહીં આવ્યો છું."

આચાર્ય સિદ્ધસેન માણસપારખુ હતા. તેમણે બાળકને જોઈને વિચાર્યું કે, આ બાળક સામાન્ય નથી. દિવ્યરત્ન છે, તેજસ્વી છે. આચાર્ય સિદ્ધસેને બાળકને મીઠાશથી કહ્યું કે, "વત્સ! તું અમારી પાસે રહે. સંતપુરુષોનો સહવાસ ઘરથી વધારે લાભકારી હોય છે." બાળક સૂરપાલ આચાર્ય સિદ્ધસેનનો સ્નેહભર્યો બોધ પ્રાપ્ત કરી તેમની પાસે રહેવા તૈયાર થયો.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org